તા. ૧૨-૭-૨૦૧૯ શુક્રવાર આજકાલ

# કેન્દ્રીય યુનીયન બજેટ-૨૦૧૯-૨૦ ઉપર પોસ્ટ બજેટ અંગે યોજાયેલ માર્ગદર્શક સેમીનાર

## ઈન્કમટેક્ષ અને કોર્પોરેટ ટેક્ષના તજજ્ઞ જીગરભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા

આજકાલ કાર્યાલય

જામનગર

જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈ, ધી કોમર્શીયલ ટેક્સ પ્રેક્ટીશનર્સ એસોસીએશન, જામનગર તથા ઈન્કમટેકસ પ્રેકટીશનર્સ એસોસીએશન, જામનગરના સંયુકત ઉપક્રમે કેન્દ્રીય યુનીયન બજેટ-૨૦૧૯-૨૦ ઉપર પોસ્ટ બજેટ વિશ્લેષણ અંગે એક માર્ગદર્શક સેમિનાર તા. ૮-૭-૧૯ ના રોજ જામનગર ચેમ્બર ખાતે યોજવામાં આવેલ હતો. આ સેમીનારમાં સંસ્થાના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ સ્વાગત કરતા જણાવેલ કે જામનગર ચેમ્બર તથા સાથી એસોસીએશન સાથે મળી સભ્યોને માર્ગદર્શન મળી રહે તે માટે કેન્દ્રીય યુનીયન બજેટ ઉપર પ્રતિ વર્ષ માર્ગદર્શક કાર્યક્રમ યોજે છે જે મુખ્ય કેન્દ્રીય યુનીયન (પોસ્ટ) બજેટના વિશ્લેષણના કાર્યક્રમનું આયોજન કરેલ છે. વધુમાં જણાવેલ કે બજેટ જોગવાઈઓની છણાવટ નિષ્ણાંત વકતા જીગરભાઈ પટેલ દ્વારા સરળ ભાષામાં




સમજાણ અને માર્ગદર્શન આપવામાં આવશે તે ચેમ્બરના સર્વ સભ્યોને ખુબજ ઉપયોગી અને સરળ નિવડશે. ત્યારબાદ પ્રથમ સેશનમાં ઉપસ્થિત નિષ્ણાંત કરવેરાના સલાહકાર વકતા જીગરભાઈ પટેલને ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજા, જામનગર બ્રાન્ચ ઓફ ડબલ્યુઆઈઆરસી ઓફ આઈસીએઆઈના માનદ ખજાનતી કિરીટભાઈ ભેડા, ઈન્કમટેક્સ પ્રેકટીશનર્સ એસોસીએશનના પ્રમુખ સંજીવભાઈ બુધ્ધ તથા ધી કોમર્શીયલ ટેક્સ પ્રેકટીશનર્સ એસોસીએશન, જામનગરના ઉપપ્રમુખ રવિન્દ્રભાઈ માણેક વિગેરેએ પુષ્પ ગુચ્છ કરી આવકારેલ હતા અને ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ સી. જાડેજાએ જીગરભાઈ મુકેશભાઈ પટેલને મોમેન્ટો અર્પણ કરેલ.

સેમિનારના વકતા જીગરભાઈ પટેલ વિશે સંસ્થાની કસ્ટમ અને સેન્ટ્રલ જીએસટી પેનલ ચેરમેન ભરતભાઈ ઓઝાએ વિશેષ પરિચય આપેલ અને જણાવેલ જીગરભાઈ પટેલે ન્યુ યોર્ક સ્કુલ ઓફ લો માંથી પોતાની કાયદાની ડીગ્રી મેળવેલ છે અને અમેરીકામાં ન્યુ યોર્ક યુનિવર્સિટીમાં ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ લીડરશીપ એવોર્ડ મેળવનાર પ્રથમ ભારતિય છે. તેઓ વિશ્વવિખ્યાત કંપનીઓના સલાહકાર તરીકે કાર્યરત છે. ઈન્કમટેકસ અને કોર્પોરેટ ટેક્ષ વિષય પર અનેક ગુજરાતી અને અંગ્રેજી પુસ્તકોના સહલેખક રહેલા જીગરભાઈ પટેલ પ્રથમ વખત જામનગરમાં પોતાનું વકતવ્ય આપવા માટે ચેમ્બરના આમંત્રણને માન આપી પધારેલ છે.

ત્યારબાદ કેન્દ્રીય બજેટ ૨૦૧૯-૨૦ વિશે જીગરભાઈ પટેલે બજેટની વિવિધ જોગવાઈઓ વિશે છણાવટ કરતા જણાવેલ કે બજેટ દર વર્ષે રજુ થાય છે જે મુજબ આ વર્ષે બજેટ ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત એક મહિલા નાણામંત્રીએ પુર્ણ સ્વરૂપનું બજેટ વહી ખાતા સ્વરૂપે રજુ કરેલ છે. બજેટમાં આગામી વર્ષોમાં ભારતના વ્યાપાર-ઉદ્યોગનો વિકાસ થાય તે માટે ખાસ કરીને એમએસએમઈને વધુ પ્રાધાન્ય આપવું જોઈતું હતું. કોર્પોરેટ ટેક્સનો ૨૫ ટકાનો દર હવે રૂા. ૨૫૦ કરોડને બદલે ૪૦૦ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતી કંપનીઓને લાગુ પડશે. આ રાહત ભાગીદારી પેઢીને પણ લાગુ પડે તો દરેકને અનુકુળ રહે. પેટ્રોલ ડીઝલ ઉપર પ્રતિ લીટર રૂા.૧ની વધારાની એકસાઈઝ ડયુટી, મુદ્રા યોજના હેઠળ મહિલાઓને રૂા. એક લાખ સુધીની લોન સહાય અને તેની ભારતની અર્થ વ્યવસ્થા ઉપર અસર વિગેરે અનેક બાબતો પર સરળ ભાષામાં માર્ગદર્શન આપેલ.

સમગ્ર સેમીનારનું સંચાન સંસ્થાના માનદમંત્રી અક્ષતભાઈ વ્યાસે કરેલ હતું. આભાર દર્શન સંસ્થાની ઈન્કમટેક્સ અને કોર્પોરેટ લોઝ પેનલ ચેરમેન કમલેશભાઈ રાઠોડે કરેલ હતું. સેમિનારમાં ચેમ્બરના સભ્યો, કારોબારી સમિતીના સભ્યો, વિવિધ એસોસીએશન્સના પ્રતિનિધિઓ, વેપારી તથા ઉદ્યોગકારઓ અને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ તથા ટેકસ પ્રેકટીશનરો બહોળી સંખ્યામાં સેમિનારમાં ઉપસ્થિત રહી અંતમાં યોજાયેલ પ્રશ્નોત્તરીમાં સક્રિય ભાગ લઈ તેમના પ્રશ્નો રજુ કરી જીગરભાઈ પટેલ પાસેથી માર્ગદર્શન મેળવેલ હતું.